# બીએસએનએલની મોબાઈલ સેવાથી ગ્રાહકોમાં અસંતોષ

## વેલીડીટી પેટે દર છ માસે ફી વસુલાય છે, જ્યારે ખાનગી કંપનીઓમાં વેલીડીટી ચાર્જ જ નથી

ગાંધીનગર, તા. ૭

સમગ્ર વિશ્વ હાઈટેકનોલોજી થકી અનેક મંજિલો પાર કરી રહ્યું છે ત્યારે સરકારની સેલફોન સેવા ભારત સંચાર નિગમ તેની સેવા થકી બદનામ થઈ રહ્યું છે. અધિકારીઓની નિતીરીતી થકી ખાનગી કંપનીઓ વધુ લોભ ખાટી રહી છે. બીએસએનએલની મોબાઈલ સેવામાં અનેક સમસ્યાઓ રહેલી છે જેથી ગ્રાહકોમાં ભારોભાર અસંતોષ વર્તાઈ રહ્યો છે. દુર સંચાર ક્ષેત્રે આવેલી જોરદાર ક્રાંતિનો ફાયદો ઉઠાવવામાં સરકાર હસ્તકની આ કંપની શ્વાસ થાપ રહી છે. જેથી આ અંગે ધરમૂળમાંથી ફેરફારો આવશ્યક બન્યા હોવાનું લાગી રહ્યું છે.

અત્યાધુનિક ઈલેક્ટ્રોનીક સિસ્ટમ અને નિત નવી શોધો થકી વિશ્વના દેશો ગ્રાહકોને દુરસંચાર ક્ષેત્રે શ્રેષ્ઠ સુવિધા પુરી પાડી રહ્યા છે. ત્યારે કેન્દ્ર સરકાર હસ્તકની દુર સંચાર સેવા આપતી ભારત સંચાર નિગમ લી ની દિન પ્રતિદિન સેવા કથળતી જઈ રહી છે. અધિકારીઓના આંખ આડા કાન અને સરકારી નોકરીના નિયમો મુજબ કામ કરવાની પદ્ધતિએ આ નિગમ પાછી પડી રહ્યુ ંછે. જેનો સીધો લાભ દેશમાંની ખાનગી કંપનીઓ લઈ રહી છે. અથવા તો અધિકારીઓ આડકતરી રીતે લાભ આપી રહ્યા હોવાનું લાગી રહ્યું છે.

બીએસએનએલની મોબાઈલ સેવામાં પ્રથમ તો કાર્ડ માટે ગ્રાહકોને ખર્ચ કરવો પડે છે જ્યારે ખાનગી કંપનીઓ પોતાની કાર્ડ ફી માં આપી ધંધો વધારી રહી છે. તેજ રીતે વેલીડીટી માટે નિગમ દર દર માસે ફી વસુલે છે જ્યારે ખાનગી કંપનીઓમાં વેલીડીટી ચાર્જ જ નથી. વધુમાં વારંવાર કવરેજના ધાંધીયા રહે છે. તો બીજી તરફ મોબાઈલ ટાવર ઉભા કરવામાં અનેક વર્સો લાગે છે જ્યારે ખાનગી કંપનીઓ ત્યાં મોબાઈલ ટાવર ઉભા કરી દે છે. કસ્ટમરકેર સાથે ગ્રાહકોનો સંપર્ક જ થઈ શકતો નથી. ફોન કોલ સમયે પ્રથમવાર સામેની વ્યક્તિ સાથે વાત ન થતાં ફરજ્યાત બીજી વખત કોલ કરવો પડે છે અને કોલરેટ પણ ઉંચા છે જેથી મોબાઈલ પોર્ટિલિબીટીમાં સૌથી નુકસાન બીએસએનએલનું થયું હોવાનું ચર્ચાય છે. આમ અનેક સમસ્યાઓથી ભરપૂર બીએસએનએલથી ગ્રાહકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જેથી સરકારે ધરમુળમાંથી ફેરફાર લાવવો જોઈએ તેવી માંગ ઉઠી છે.




ભુવનેશ્વર યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા આયોજીત ગણેશોત્સવમાં શનિવારે સેક્ટર-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે જાણીતા લોકગાયક જીગ્નેશ કવિરાજ અને સાથીદારોએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ભિલોડા સાંનિધ્ય બંગ્લોઝના ત્રણ મકાનમાં રૂ. ૮૬ હજારની મત્તાની ચોરી

## તસ્કરોએ ઘરના તાળા તોડી સોના ચાંદીના દાગીના ઉઠાવી પલાયન થઈ ગયા હતા

ભિલોડા, તા.૭

અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં તસ્કર ટોળકી એ ડેરા તંબુ બાંધ્યા હોય તેમ ઠેર ઠેર ચિંતાજનક રીતે દિન પ્રતિદિન ચોરીના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. તસ્કરોને જાણે કે હવે પોલીસ તંત્રનો બિલકુલ ડર ન હોય તેમ લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. પોલિસ તંત્રની નિષ્ક્રિયતાના કારણે દિન પ્રતિદિન ચોરીના બનાવોને લઈ રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ભિલોડામાં સાંનિધ્ય બંગ્લોઝ વિસ્તારમાં ૩ મકાનની જાળી, દરવાજાના તાળા તોડી મકાનની અંદર તસ્કરોએ પ્રવેશ કરી તિજોરી કબાટના લોક તોડી સોના ચાંદીના દાગીના ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ તસ્કરો રૂ. ૮૬,૦૦૦ની કિંમતના સોના ચાંદીના દાગીના ચોરી ગયા હતા. આ સંદર્ભે ભિલોડા પોલીસ મથકના પી.એસ.આઈ. પી.એસ. પરમાર ચોરીની તપાસ માટે ડોગ સ્કવોર્ડની મદદ લઈ રહ્યા છે પરંતુ તસ્કર ટોળકી હજુ સુધી ઝડપાઈ નથી.

આ ચોરી સંદર્ભે શિરીષભાઈ લાલજીભાઈ બારીયાએ ભિલોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે અરવલ્લી જિલ્લા સહિત તાલુકામાં ચોરીઓનો ઉપદ્રવ વધતા પ્રજાજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે ત્યારે પોલીસ તંત્ર દ્વારા નાઈટ પેટ્રોલીંગ વધુ કરવા અને લાલ આંખ કરવાનો સમય પાકી ગયો છે તેમ રહીશો જણાવી રહ્યા છે.

# ડીસા ખત્રી સમાજ દ્વારા હિંગળાજ મહોત્સવ ઉજવાયો

મારવાડી બ્રહ્મક્ષત્રીય સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ-૧૩ ને રવિવારના રોજ શ્રી હિંગળાજ મહોત્સવનું ધામધૂમપૂર્વક આયોજન સમાજના પ્રમુખ હરીશચંદ્ર વાર્ડે તથા સમારોહના અધ્યક્ષ ઓમપ્રકાશજી છુંછા (મરૂધર જ્વેલર્સ, મુંબઈ) તથા અતિથી વિશેષ ડૉ. રમેશ વાર્ડેના સાનિધ્યથી કરવામાં આવેલ હતું. સવારમાં સીંધી કોલોનીમાં માતાજીનો હવન તથા રક્તદાન શિબિરનું આયોજન સમાજની વાડીમાં કરવામાં આવેલ હતું. બપોરે માતાજીને પ્રસાદ ચઢાવી સામુહિક ભોજન મોઢ-ઘાંચીની વાડીમાં કરવામાં આવેલ હતું. સાંજે ૫.૦૦ વાગે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરી ઈનામ વિતરણ કર્યું હતું અને સમારોહનું સમાપન સાંજે ૭.૩૦ વાગે સામુહિક ભોજનથી કરેલ હતું. સર્વે જ્ઞાતિ બંધુઓએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સીંધી ખત્રી દ્વારા પણ આદર્શ સોસાયટીમાં આવેલ સીંધી ખત્રી સમાજની વાડીમાં મહાપ્રસાદ તેમજ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં જ્ઞાનોત્સવ અંતર્ગત એકપાત્રીય અભિનય, વેશભૂષા, રંગપૂરણી, રંગોળી, જાદુના પ્રયોગો, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, નિવૃત્ત શિક્ષકોનું સન્માન, શિક્ષકદિનની ઉજવણી જેવા અનેક કાર્યક્રમો ઉજવવામાં આવ્યા. રમત-ગમત સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ ઉત્સાહ સાથે તમામ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. શિક્ષકોએ પણ બાળકોના ઉત્સાહને જીવંત રાખવા પ્રયત્નો કર્યા હતા.

## એડીચોટીનું જોર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભાની તમામ નવ બેઠકો અને બરોડા લોકસભા બેઠક પર વિજય મેળવીને આ વિજયની ભેટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના ૧૭મીએ જન્મદિનના દિવસે ભાજપ આપવા માંગે છે અને એટલા માટે જ આ પેટા ચૂંટણી જંગ જીતવા માટે ગુજરાત ભાજપે એડીચોટીનું જોર લગાવી દીધું છે. પ્રદેશ ભાજપના આગેવાનો અને મંત્રીઓ ઝંઝાવતી ચૂંટણી પ્રચારના કામે લાગી ગયા છે.

બીજી બાજુ ભાજપ પાસેથી આ બેઠકો આંચકવા પેટા ચૂંટણી જંગમાં વીજય મેળવવા કોંગ્રેસે પણ કમરકસીને એડીચોટીનું જોર લગાવ્યું છે. પ્રદેશ કોંગ્રેસે પણ પ્રદેશ આગેવાનો ધારાસભ્યોને પંચાયત બેઠક દીઠ જવાબદારી સોંપી દીધી છે.

આ પેટા ચૂંટણી જંગ જિતવા માટે ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો કમર કસી રહ્યા છે ત્યારે આ પેટા ચૂંટણી જંગમાં કોનો વિજય થશે તે તો આગામી દિવસોમાં જાહેર થનાર ચૂંટણી પરિણામ બાદ જ ખ્યાલ આવશે. જો કે હાલ તો ચૂંટણી પ્રચાર જંગમાં ભાજપ કોંગ્રેસ કરતાં આગળ ચાલી રહ્યું છે. ભાજપ વિધાનસભાની તમામ નવ બેઠકો પર કબજો જાળવી રાખવા માટે ચૂંટણી પ્રચાર કરીને ભાજપને વિજય બનાવવા માટે કમર કસી રહ્યું છે.

## પિતૃતર્પણનું પર્વ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતી પરિવારોમાં તિથી મુજબ જે પિતૃઓના શ્રાધ્ધ માટે ઘરમાં ખીર-દૂધપાક બનાવવામાં આવે છે અને તને ઘર કે મકાનની છત અથવા ધાબા પર જઈને 'કાગવાસ' રૂપે અર્પણ કરવામાં આવે છે. જો એ વખતે કાગડાઓ આવીને આ કાગ-વાસ જમે તો પિતૃઓનું તર્પણ થયું તેવું માનવામાં આવે છે. આ કાગવાસ નાંખ્યા પછી જ બાકીની ખીર-પુરીને પ્રસાદ તરીકે આરોગવામાં આવે છે. વળી, બ્રહ્મ પુરાણ મુજબ શ્રાધ્ધ ન કરવાથી પિતૃગુણોનો દોષ થાય છે. જેના કારણે જાતકને જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. શ્રાદ્ધ બે રીતે થાય છે જેમાં પિંડદાન અને બ્રહ્મભોજનનો સમાવેશ થાય છે. શ્રાદ્ધ જાતકને સંતુષ્ટ થઈને દીર્ઘાયુ, ધન, સુખ અને મોક્ષ પ્રદાન કરે છે. શ્રાદ્ધના અનેક પ્રકાર છે જેમાં નિત્ય, નૈમિતિક, કામ્ય અને અન્ય પ્રકારોનો સમાવેશ થાય છે. ભારતમાં શ્રાધ્ધ વિધિ માટે ઘણા પૌરાણિક અને ધાર્મિક મહત્વ ધરાવતા સ્થળો છે જેમાં માતૃ તર્પણ માટે ઉત્તર ગુજરાતનું સિદ્ધપુર એક માત્ર સ્થળ ગણાય છે.

આગામી તા. ૯મી સપ્ટેમ્બરથી શ્રાદ્ધ પક્ષનો પ્રારંભ થઈ રહ્યો છે. એક રીતે વૈજ્ઞાનિક કારણો એવા પણ કહેવાય છે કે ભાદરવાના ભેજવાળા આકરા તાપનું મારણ ખીરથી થાય છે. ગાંધીનગરમાં પણ નગરજનો તેમના પિતૃઓના આત્માની મુક્તિ માટે તર્પણ કરશે અને કાગવાસ નાંખી તેમના પ્રત્યેનું ઋણ અદા કરવા પ્રયત્ન કરશે.

## નદીમાં પાંચ ડૂબ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાટ, ધોળેશ્વર સહિતના વિવિધ સ્થળોએ નદીમાં ગણેશ વિસર્જન માટે ખુબ જ ભારે ભીડ લાગી હતી. દરમિયાન ભાટ ગામે સાબરમતી નદીમાં વિસર્જન માટે આવેલા ૧૨ જેટલા વિવિધ ગ્રૂપ પૈકી અમદાવાદના દશક્રોઈ તાલુકાના જગતપુર છારોડી વિસ્તારના એક ગ્રુપના પાંચ યુવાનો વિસર્જન વખતે નદીના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. અમદાવાદ અને ગાંધીનગરની ફાયરબ્રિગેડની ટુકડીઓ તથા ઈન્ફોસિટી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. નદીમાં ડુબેલા પાંચ યુવાનો પૈકી ૨૨ વર્ષિય રાકેશ મોહનજી ઠાકોર નામના યુવાનને બચાવી લેવામાં આવ્યો હતો. તો બીજી તરફ ૨૩ વર્ષિય નિલેશ દિનેશજી ઠાકોર, ૨૨ વર્ષિય મહેન્દ્ર પુજાજી ઠાકોર અને ૨૨ વર્ષિય સહદેવ રાજુજી ઠાકોર ત્રણ યુવાનોના મૃતદેહ નિકળ્યા હતા.

જ્યારે પાંચમાં યુવાન ૨૨ વર્ષિય સાગર ભરતજી ઠાકોરની ફાયરબ્રિગેડની ટીમ દ્વારા નદીમાં મોડી રાત સુધી શોધખોળ ચાલી હતી. પરંતુ તેના સગડ મળ્યા નથી. ઈન્ફોસિટી પોલીસે ત્રણ યુવાનોના મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ આ ઘટના બાદ જિલ્લાના અન્ય વિસર્જન વાળા સ્થળો પર પોલીસ અને ફાયરબ્રિગેડનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને કેટલાક ભયજનક સ્થળોએથી ભક્તોને હટાવી લેવાની પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેમાન બનવાના છે ત્યારે ઉદ્યોગ સેક્ટરને વધારે પ્રાધાન્ય આપવા સચિવાલય જાણે કે કોર્પોરેટ ઓફિસમાં ફેરવાઈ ચૂક્યું છે. કોર્પોરેટ હસ્તીઓ સચિવાલયમાં સીએમની શુભેચ્છા મુલાકાત લઈ રહી છે ત્યારે પ્રત્યેક હસ્તીને વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં ઉપસ્થિત રહેવા સરકાર તરફથી આમંત્રણ આપવામાં આવી રહ્યાં છે...

**લ્યો, હવે ૨૦૨૪ની તૈયારી શરૂ કરી દો ...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને એક મેસેજ આપ્યો છે અને પડકાર ફેંક્યો છે કે ૨૦૨૪ લોકસભાની તૈયારી શરૂ કરી દો... શિક્ષણ દિન નિમિત્તે બાળકો સાથેની પ્રશ્નોત્તરીમાં મોદીએ કહ્યું હતું કે તમે આવતીકાલનું ભાવિ છો. આગામી ૧૦ વર્ષ સુધી તો શાસન કરવામાં મને કોઈ વાંધો નહીં આવે, આપણે ૨૦૨૪ની તૈયારી શરૂ કરવાની છે. મોદીનું આ વાક્ય સાંભળીને કોંગ્રેસના નેતાઓ છંછેડાયા છે. કોંગ્રેસના એક પ્રદેશ નેતાએ કહ્યું હતું કે લ્યો, સાંભળો.. મોદી ૨૦૧૯ની નહીં પણ ૨૦૨૪ની તૈયારી શરૂ કરી રહ્યાં છે. આપણે તો રાજકારણને તિલાંજલિ આપવી પડશે અથવા તો ભાજપમાં જોડાવવા માટેના ફિલર મોકલવા પડશે..

**એક રૂપિયો આપણને પાછો મળશે...**

ભારતીય ચલણનો રાજા એ એક રૂપિયાની નોટ છે. રૂપિયો એ આપણા ચલણનો કિંગ છે. એક છે તો હજાર છે અને લાખ છે... ભારત સરકારે એક રૂપિયાની નોટ છાપવાનું નક્કી કર્યું છે. આ એક સારી નિશાની છે પરંતુ હવે આપણી ચલણી નોટો પ્લાસ્ટીકમાં છપાવવી જોઈએ, કારણ કે આપણે ત્યાં લોકોની ગંદી આદત એવી છે કે નોટ ઉપર લખાણ કરે છે. પ્લાસ્ટીકની નોટ હશે તો તેની ઉપર લખાણ થઈ શકશે નહીં. ભારતીય રિઝર્વ બેન્કે ચલણી નોટોના કાગળમાં પરિવર્તન કરવું જોઈએ તેવું અગાઉ નરેન્દ્ર મોદી પણ કહી ચૂક્યા છે...

**નાના ઉદ્યોગોને મોટા ફાયદા મળશે...**

ગુજરાતની નવી ઉદ્યોગ નિતીનો મુખ્ય હાર્દ માઈક્રો, સ્મોલ અને મિડીયન ઉદ્યોગો છે. આ ત્રણેયને સૌથી મોટો ફાયદો થવાનો છે. એક એ પણ હકીકત છે કે નાના ઉદ્યોગોમાં વિક્રમસર્જક રોજગારી પેદા થાય છે એટલે સરકારને રોજગારીના આંકડા મોટા બતાવવા હોય તો આ પ્રકારના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું પડે છે. સરકારે આ ઉદ્યોગોના વિકાસ માટે ૫૦ ટકા જમીન અને ૫૦ ટકા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રાહતો આપવાનો નિર્ણય કર્યો છે. ૨૦૧૫ની વાયબ્રન્ટ સમિટમાં ગુજરાત સરકારનો ગોલ પણ નાના અને મધ્યમ ઉદ્યોગો ઉપર વિશેષ હશે તેવો સંકેત અગાઉ ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ આપી ચૂક્યાં છે...

**ગુજરાતી ઓફિસરોને દિલ્હી જવું છે...**

ગુજરાતના આઈએએસ અને આઈપીએસ ઓફિસરો ડેપ્યુટેશન ઉપર નવી દિલ્હી જઈ રહ્યાં છે ત્યારે ગુજરાત વહીવટી સેવા-જીએએસ ના અધિકારીઓને પણ નોકરી કરવા માટે દિલ્હી જવું છે. સરકારના એક ડઝન ઓફિસરો તેમના ફિલર્સ દિલ્હીના ટોચના પીએમઓ ઓફિસરોને આપી ચૂક્યા છે. ગુજરાત સરકારમાં જે ઓફિસરો મોદીના કામથી ખુશ છે અને મોદી સાથે કામ કરી ચૂક્યા છે તેમને હવે મોદી વિના ફાવતું નથી તેવી કોમેન્ટ એક સિનિયર આઈએએસ અધિકારીએ કરી છે. બની શકે કે મોદીનો હવે પછીનો ટારગેટ ગુજરાત કેડરના ઓફિસરો હોય...

**ક્યા ખૂબ..પાર્ટટાઇમ એ વોટબેન્ક નથી...**

પાર્ટટાઈમ કર્મચારીઓ એ તમારી વોટબેન્ક નથી એટલે તેમની સાથે તમે ઓરમાયુ વર્તન કરો છો.. એવા હાઈકોર્ટના વેધક સવાલ સામે સરકારી બાબુઓ દોડતા થઈ ગયા છે. સરકારમાં ૧૫,૦૦૦ કરતાં વધુ કર્મચારીઓ ૧૩૫૦ રૂપિયામાં પાર્ટટાઈમ જોબ કરે છે, જેમને અન્ય કર્મચારીઓ જેવા લાભ મળતા નથી તેથી તેઓ પરિવારનું ગુજરાત બરાબર કરી શકતા નથી. આ એવા બોન્ડેડ લેબર છે જેમને ગમે તે સમયે છૂટા થવું પડે છે. આ લોકો મજબૂર છે. અદાલતે ટીકા કરતાં કહ્યું હતું કે આ લોકોનો અવાજ બહુ નાનો છે એટલે તમે તેમનું શોષણ કરો છો.. કાયમી કર્મચારીને પગાર વધારો ના આપો પછી જુઓ, કેવો વહીવટ ચાલે છે. હવે કહેવાય છે કે જેનું કોઈ નથી તેની અદાલત છે...

**કોન્ટ્રાક્ટ નોકરીમાં બેન્ક લોન ના મળે...**

આપણી બેન્કો પણ વિચિત્ર પ્રકારનો વ્યવહાર કરતી થઈ ચૂકી છે. ભારતીય રિઝર્વ બેન્કના નિયમો બતાવીને તેમના કસ્ટમર્સને એવા પરેશાન કરી મૂકે છે કે તે કસ્ટમર લોન લેવાનું ભૂલી જાય છે. હાલ પ્રાઈવેટની જેમ સરકારી નોકરીમાં પણ કોન્ટ્રાક્ટ બેઝ સિસ્ટમ લાગુ પાડવામાં આવેલી છે. આપણી નેશનલાઈઝ અને પ્રાઈવેટ બેન્કો તેના ગ્રાહકોને લોન આપવાનો ધરાર ઈન્કાર કરતી જોવા મળે છે, કારણ એવું આપે છે કે તમે તો ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટ ઉપર છો.. તમને માત્ર ૧૧ મહિના પૂરતી લોન મળે.. બિચારો ગ્રાહક આટલા ઓછા સમય માટે લોન લેવા જાય તો બધો પગાર બેન્કમાં જમા કરાવવો પડે. ગ્રાહકના કાંડા કાપી લીધા પછી બેન્કના ઓફિસરો તેના ગ્રાહકને એવા પ્રશ્નો પૂછે છે કે જે પોલીસ સ્ટેશનમાં પણ પૂછવામાં ન આવતા હોય...

**પ્રેસ, પોલીસ અને વકીલ માટે આવું કેમ...**

આપણી પ્રાઈવેટ બેન્કો પોલીસની નોકરી કરતા જવાનને, અખબાર કે ટીવીમાં કામ કરતા રિપોર્ટરને કે અદાલતમાં કેસ લડતા વકીલને લોન આપતી નથી, કારણ એવું બતાવે છે કે આ ત્રણેય વ્યવસાયીઓ સમયસર લોન ભરતા નથી. જો કે બેન્કો તેમના ગ્રાહકો સાથે આવું વર્તન કરી શકે નહીં, કારણ કે અદાલતનું ફરમાન છે કે બેન્કો કોઈપણ વ્યવસાયીને લોન આપવાનો ઈન્કાર કરી શકે નહીં, બિચારા આ ત્રણેય વ્યવસાયીઓ જો કોઈ જગ્યાએ લોન લેવામાં અટવાયા હોય તો પ્લિઝ, તેમણે અદાલતના ચૂકાદાઓને બેન્ક મેનેજર સામે રાખીને તેને કોર્ટમાં ઢસડી જવાનો કિમિયો અજમાવવો જોઈએ...

**કોગ્રેસ જીતવા માટે ચૂંટણી લડતી નથી...**

નવ વિધાનસભા અને એક લોકસભાની પેટા ચૂંટણીના પરિણામો પછી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યાં છે ત્યારે ચૂંટણીના આ પરિણામો શું મોદી માટે આનંદીબેનની ગિફ્ટ બનશે.. તેવો સવાલ આજે ભાજપમાં ચર્ચાઈ રહ્યો છે. આનંદીબેને તો જામખંભાળિયાની ચૂંટણી સભામાં કહ્યું હતું કે આપણે ૧૦ માંથી ૧૦ બેઠકો જીતીને આપણા નરેન્દ્રભાઈને તેમના જન્મદિનની ગિફ્ટ આપવાની છે. તેમનો આ પ્રચાર જો કામ કરી ગયો તો કોંગ્રેસ માટે નિરાશાના દિવસો ફરી આવી શકે છે. આમ પણ કોંગ્રેસના યુવા નેતાઓની જીભ કહી રહી છે કે અમારી પાર્ટી હવે જીતવા માટે ઈલેકશન લડતી નથી. જો જીતવા માટે જ લડવાનું હોય તો પ્રદેશના નેતાઓએ ભાજપ સામે પસીનો પાડીને પણ બેઠકોમાં તનતોડ મહેનત કરવી પડે. અમારા નેતાઓ પરિવર્તન નહીં, પુનરાવર્તન કરવામાં ટેવાઈ ગયા છે...

**ફરિયાદ વિના એસીબી પણ લાચાર ...**

સચિવાલયમાં ધીરે ધીરે કરપ્શન શરૂ થઈ રહ્યું છે. મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગમાં જોઈએ તો એજન્ટોના ધામ નજરે પડી રહ્યાં છે. જમીનના કામો કરાવવા માટે લાઈન છૂપો ભ્રષ્ટાચાર ડોકાઈ રહ્યો છે. આ બન્ને વિભાગો મુખ્યમંત્રી હસ્તક છે તેથી તેમણે આ બન્ને વિભાગોમાં સ્પેશ્યલ ટાસ્કની રચના કરીને સર્વેક્ષણ કરાવવાનો સમય આવી ગયો છે. આ પ્રેક્ટિસને જો ઉગતી જ ડામી દેવામાં નહીં આવે તો આગળ જતાં સરકાર માટે બદનામીના ચાન્સ વધી શકે છે. હાલ કેટલીક જિલ્લા કલેક્ટર કચેરીઓમાં કટકી અને કમિશને માઝા મૂકી છે ત્યારે તેનો પવન છે ક સચિવાલય સુધી પહોંચી ચૂક્યો છે. આપણા એન્ટી કરપ્શન બ્યુરોની માનસિકતા એવી છે કે કોઈ વ્યક્તિ ફરિયાદ કરે તો જ રેડ પડે છે, અન્યથા નજર સામે લેવાતા રૂપિયાને પોલીસ ઓફિસરો જોઈ રહે છે...

**કાંઇ વાંધો નહી, મોબાઇલ પર વાત કરો ...**

સચિવાલયમાં એટલો ફરક પડ્યો છે કે હવે ઓફિસર કે કર્મચારી તેમના ઓફિસિયલ મોબાઈલ ફોન ઉપર બિન્દાસ વાત કરે છે. એક પત્રકારે મહેસૂલ વિભાગના એક અધિકારીને ફોન કર્યો અને કેટલીક વિગતો જાણવા માગી પરંતુ તેમાં એક વિગત ઉદ્યોગજૂથોને લગતી હતી તેથી પત્રકારે પૂછ્યું, હું રૂબરૂ વિગતો મેળવવા આવું કે ફોન ઉપર કહેશો... અધિકારીએ કહ્યું કે કાંઈ વાંધો નથી, તમને ફોન ઉપર કહીશ, કારણ કે હવે એવું જણાય છે કે અમારા ફોન ટેપ થતાં નથી. પહેલાં ડર હતો તેથી બે મોબાઈલ ફોન રાખવા પડતા હતા પણ હવે એક થી ચાલી જાય છે. તમે ધક્કો નહીં ખાતા, વિગતો તમને ફોન ઉપર જ આપું છું...

**સચિવાલયમાં ૮૦ ટકા સ્માર્ટફોન ધારકો છે...**

સચિવાલયમાં સરકારી સાઈટ્સ સિવાયની તમામ સાઈટોને જીસ્વાન કનેક્ટિવિટીમાં બાન કરી દેવામાં આવી હોવાથી ઓફિસરો કે કર્મચારીઓ ઓફિસના કોમ્પ્યુટરમાં વોટ્સએપ, ટ્વિટર કે ફેસબુક માણી શકતા નથી તેથી આ સોશ્યલ સાઈટ્સ જોવા માટે તેઓ સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે. આજે સચિવાલયમાં ૮૦ ટકા થી વધારે કર્મચારીઓ પાસે સેમસંગ, એપલ, બ્લેકબેરી અને સોનીના સ્માર્ટફોન જોવા મળે છે. જે લોકો પાસે આવા સ્માર્ટફોનની સુવિધા નથી તેઓ ઓફિસના કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટ ડોંગલ મારફતે સોશ્યલ સાઈટ્સ ખોલે છે...

**દિવાળી પહેલાં બદલીઓનો દોર...**

દિવાળી પહેલાં પ્રમોશન અને બદલીઓનો દોર આવી રહ્યો છે. હજી પોલીસ કમિશનર, એસપી અને પોલીસ ભવનના અધિકારીઓની ટ્રાન્સફર થાય તેવી સંભાવના છે. બીજી તરફ સિનિયર આઈએએસ ઓફિસરોની બદલીઓ તોળાઈ રહી છે. ગુજરાત વહીવટી સેવાના અધિકારીઓના પ્રમોશનની ફાઈલ પણ પેન્ડીંગ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ભારત સરકાર માટે ગુજરાત એ સર્વિસ પ્રોવાઈડરનું કામ કરે છે. ભારત સરકારને જે ઓફિસરો જોઈએ તે ગુજરાત દિલ્હી મોકલે છે પણ દિલ્હીના ઓફિસરો ગુજરાત ભાગ્યે જ આવે છે. આપણા મહિલા સનદી અધિકારી ગૌરીકુમાર દિલ્હીમાં સેટ થયેલા છે. તેઓ ઓગષ્ટ-૨૦૧૫માં નિવૃત્ત થાય છે. હવે હસમુખ અઢિયા, તપન રે અને જી. મહાપાત્રનો વારો છે, આ ત્રણેય ઓફિસરો દિલ્હીની રાહમાં છે...

**પાંડિયનની કસોટીનો સમય શરૂ થયો ...**

ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડી.જે.પાંડિયનનો કસોટીનો સમય શરૂ થયો છે. અત્યાર સુધીમાં તેમણે ઉર્જા વિભાગમાં કામ કર્યું છે. હવે તેમના માથે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫નો ચાર્જ છે. તેમની મદદમાં ઉદ્યોગ કમિશનર મમતા વર્મા છે પરંતુ અગાઉની વાયબ્રન્ટ સમિટમાં જેમ ડી. રાજગોપાલન તેમજ મહેશ્વર શાહુએ કામ કર્યું છે તેવું કામ પાંડિયન કરી શકશે તેવો સવાલ ઉદ્યોગ વિભાગમાં ચર્ચાય છે. જો કે એનર્જીના તેમના છ વર્ષના સમયગાળામાં અનેક એનર્જી કંપનીઓ સાથે કામ કરવામાં તેમણે ઉત્તમ કામ કર્યા છે જેનો સીધો ફાયદો ઈન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટને મળી શકશે. પાંડિયનની સૌથી મોટી ઉપલબ્ધિ પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી છે. જીએસપીસીને પણ તેમણે ધબકતું કર્યું છે...

## શબ્દાવલી - ૫૪૯૯



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. વિવેક શક્તિ, સભ્યતા (૩) | ૧. તરફડવું (૫) |
| ૪. કેશ, મોવાળા (૨) | ૨. પિતા, બાપ (૩) |
| ૫. દેખરેખ નીચે કેદ કરી રાખવું (૫) | ૩. શુરવીરતા, જેની... શામળીયાને... (૩) |
| ૭. તફાવત (૩) | ૪. વદાડ કરવો (૨) |
| ૯. તાજા કલમને ટૂંકમાં... કહેવાય (૨) | ૬. જન્મ દિવસે... કાપીને ખવડાવાય (૨) |
| ૧૧. ... વાળવો, સત્યાનાશ કરવું (૨) | ૮. રટણ, જાપ (૨) |
| ૧૩. વજન (૨) | ૧૦. પાતળો વાયર (૨) |
| ૧૪. અરસપરસ (૪) | ૧૨. ફરજીયાત ના હોય તેવું (૫) |
| ૧૬. ઇચ્છા (૩) | ૧૪. ફિકર, ચિંતા (૩) |
| ૧૭. પિતા (૩) | ૧૫. રજવાડાને લગતું, રાજાઇ (૪) |
| ૨૧. વા.... ને વાદળ ઉમટ્યા (૨) | ૧૮. નાડી, રગ (૨) |
| ૨૨. ઠામણા, બર્તન (૩) | ૧૯. ચોખાના ઝીણા કટકા (૩) |
| ૨૩. લંબાઇ, ઊંચાઇ (૨) | ૨૦. મોકો, લાગ (૨) |
| ૨૪. તગર, એક ફુલનું ઝાડ (૩) | |

### શબ્દાવલી ૫૪૯૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખ્યાતનામ (૪) આગામી (૭) શણ (૮) સમજ (૯) નફો (૧૧) ઘાવ (૧૨) ગણીકા (૧૩) હાની (૧૪) પેટ (૧૫) જરાક (૧૬) પ્રસન્ન (૧૮) તહેવાર (૨૧) ગરજ (૨૨) તરાપ

**ઊભી ચાવી :-** (૧) ખ્યાપન (૨) નાશ (૩) મણ (૪) આસવ (૫) ગામ (૬) મીજબાની (૧૦) ફોગટ (૧૩) હાક (૧૪) પેગામ (૧૫) જન્નત (૧૬) પ્રખર (૧૭) સારપ (૧૯) હેત (૨૦) વારા